# શાળા પરામર્શકર્તા

શાળા પરામર્શકર્તા (સ્કૂલ કાઉન્સેલર) એક વ્યાવસાયિક છે જે શાળા પરામર્શ કાર્યક્રમ દ્વારા તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક, કારકિર્દી, ઉપલબ્ધ કૉલેજો/લાયકાત/પ્રવેશ વગેરે સહિત સામાજિક-ભાવનાત્મક માર્ગદર્શન પુરું પાડવા માટે પ્રાથમિક શાળાઓ અથવા માધ્યમિક શાળાઓમાં કામ કરે છે. શાળા કાઉન્સેલરની ભૂમિકા ચોક્કસ હોઈ શકે છે, એટલે કે, માત્ર મિડલ સ્કૂલ, પ્રાથમિક શાળા અથવા ઉચ્ચ માધ્યમિક શાળા સાથે સંબંધિત હોય શકે છે. તે બધા માટે પણ હોઈ શકે છે, એટલે કે તમામ વિદ્યાર્થીઓ સાથે સંબંધિત પણ હોઇ શકે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- માનવીય વર્તણૂંકો વિશે અભ્યાસ કરવામાં તમને રૂચિ છે
- તમે વિગતો પર ધ્યાન આપો
- લોકોને મદદ કરવી તમને ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિષયમાં, સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો, મનોવિજ્ઞાન વિષય સાથે (BA સાયકોલૉજી / BSC સાયકોલૉજી) કરો તે ઇચ્છનિય છે. ત્યારબાદ, મનોવિજ્ઞાન વિષયમાં અનુસ્નાતક (એમ.એ. સાયકોલૉજી / એમ.એસસી. સાયકોલૉજી)ની ડિગ્રી મેળવો **અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો, મનોવિજ્ઞાન વિષય સાથે (બી.એ. સાયકોલૉજી/બી.એસસી. સાયકોલૉજી) કરો તે ઇચ્છનિય છે. ત્યારબાદ ચાઈલ્ડ ગાઇડન્સ અને કાઉન્સેલિંગ વિષયમાં પી.જી. ડિપ્લોમા કરો. **અથવા**

કોઈપણ વિષયમાં, સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો, મનોવિજ્ઞાન વિષય સાથે (BA સાયકોલૉજી / BSC સાયકોલૉજી) કરો તે ઇચ્છનિય છે. ત્યારબાદ, મનોવિજ્ઞાન વિષયમાં અનુસ્નાતક (MA સાયકોલૉજી / M.Sc. સાયકોલૉજી)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ ડિપ્લોમાનો વિકલ્પ પસંદ કરો.

પ્રવેશ માટે, તમારે NEET, LPU, NEST, APEA, MCET, NPAT, UPSEC જેવી પ્રવેશ પરીક્ષાઓ પૈકી કોઈ એક પરીક્ષામાં લાયકાત મેળવવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક શાળા પરામર્શકર્તાનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૭,૭૫૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Skill=Counseling/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** દેશભરની જાહેર અને ખાનગી શાળાઓ, જાહેર, ખાનગી અને સ્વૈચ્છિક અથવા નહી નફાના ધોરણે કામ કરતા ક્ષેત્રોમાં આરોગ્યસંભાળ અને સામાજિક સહાયતા સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ સાથે વાતચીત કરવી પડશે. તમારે ઘણીવાર ટીમની દેખરેખ રાખવી પડે છે. કામના કલાકો શાળાના નિયમિત કલાકો મુજબ હોઈ છે. શિફ્ટ ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કાઉન્સેલર → કાઉન્સેલર → હેડ કાઉન્સેલર/સ્કૂલ લીડરશીપ ટીમ → વાઈસ પ્રિન્સિપાલ - → પ્રિન્સિપાલ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ કલા/વિજ્ઞાન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૨. જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી, દિલ્હી
૩. એન.સી.ઈ.આર.ટી., દિલ્હી
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. હિન્દુ કોલેજ, દિલ્હી
૬. ડૉ. બી. આર. આંબેડકર યુનિવર્સિટી, દિલ્હી
૭. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૮. ૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ સાયન્સ, મુંબઈ
૨. એમિટી ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયકોલોજી એન્ડ એલાઈડ સાયન્સ, નોઈડા
૩. પીડીઈયુ, ગાંધીનગર
૪. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૫. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, ફગવાડા
૬. રાજીવ ગાંધી રાષ્ટ્રીય યુવા વિકાસ સંસ્થાન, તમિલનાડુ,
૭. મહાત્મા જ્યોતિ રાવ ફૂલ યુનિવર્સિટી, જયપુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

ઑનલાઈન અભ્યાસક્રમો

- NPTEL * સ્વયમ - https://onlinecourses.swayam2.ac.in/cec22_hs29/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**અમૃતા સિંહ** નવી દિલ્હીના એક નિષ્ણાત અને પ્રસિદ્ધ કાઉન્સેલર છે. તેઓ વિદ્યાર્થીઓને તેમના સપના સાકાર કરવામાં મદદ કરવા માટે સતત કાર્યશીલ છે. તેણી યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, લોસ એન્જલસ એક્સ્ટેંશન (યુ.સી.એલ.એ. એક્સ્ટેંશન) અને યુનિવેરાયટીમાંથી ગ્રીન બેલ્ટ સર્ટિફાઇડ ગ્લોબલ કરિયર કાઉન્સેલર હોવાની સાથે મનોવિજ્ઞાનમાં એમ.એ. અને પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. અમૃતા માર્ગદર્શન અને કાઉન્સેલિંગના ક્ષેત્રમાં ૧૧ થી વધુ વર્ષનો અનુભવ ધરાવે છે અને કારકિર્દી કાઉન્સેલર, કોચ, માર્ગદર્શક અને મનોવૈજ્ઞાનિક હોવાની સાથે તે એક ઉદ્યોગસાહસિક પણ છે. 'એજ્યુ કેરિયર વાઇઝ' સાથે સુશ્રી અમૃતા સિંઘે પોતાના જુસ્સાને વધુ આગળના સ્તર પર લઈ ગયા છે. આ તેમનું પોતાનું સેટઅપ છે જે તેમને વિવિધ પૃષ્ઠભૂમિ અને વય જૂથોના તમામ પ્રકારના વિદ્યાર્થીઓને સેવાઓ પૂરી પાડવાની તક આપે છે.*

સ્રોત: https://yourstory.com/mystory/top-ten-career-counsellors-in-india-for-career-cou-bo10scxwp9

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કાઉન્સેલર, મેન્ટર, કોચ